BN-8

# સસ્તા ભંડોળની ઑફરો/લૉટરી જીતવા સંબંધિત/અન્ય બનાવટી ઑફરો માટે સસ્તુ ભંડોળ મોકલવાની બનાવટી ઑફરો સામે જનતાને આરબીઆઈની સાવધાન રહેવાની સૂચના

રિઝર્વ બેંક 26 મે, 2010ના રોજ બેંકને સૂચના આપી છે કે બનાવટી ઑફરો કે જેમાં બેંક ખાતા ખોલાવવામાં આવે છે અને/અથવા પ્રાઈઝ મની/અવૉર્ડ મની વગેરેને તથાકથિત ટ્રાન્સફર બાબતમાં ટ્રાન્ઝેક્શન ચાર્જીસ વગેરે રૂપે પેમેન્ટ પ્રાપ્ત કરવા માટે ઍકાઉન્ટમાં ટ્રાન્ઝેક્શનો કરવામાં આવે છે. રિઝર્વ બેંકે સ્પષ્ટતા કરી છે કે ભારતમાં રહેતી કોઈ પણ વ્યક્તિ ભારતની બહારથી સીધી કે આડકતરી રીતે આવી ચુકવણીને ભેગી કરીને મોકલે છે એની સામે કાર્યવાહી થઈ શકે છે અને ફૉરિન એક્સચેંજ મૅનેજમેન્ટ ઍક્ટ, 1999ના ઉલ્લંઘન કરવા બદલ જવાબદાર છે તદ્ઉપરાંત નો યૉર કસ્ટમર (કેવાયસી) ધોરણો/એન્ટિ મની લોન્ડરિંગ (એએમએલ) ધોરણો સંબંધિત નિયમનોના ભંગ કરવા માટે જવાબદાર છે.

રિઝર્વ બેંકે ફરી-ફરી જણાવે છે કે ફૉરિન એક્સચેંજ મૅનેજમેન્ટ ઍક્ટે, 1999 લૉટરી સ્કીમોમાં ભાગ લઈને કોઈ પણ રીતે રેમિટન્સ કરવા બાબતમાં નિષેધ ફરમાવે છે. આ પ્રતિબંધો વિવિધ નામો હેઠળ લૉટરી જેવી સ્કીમો જેમ કે મની સર્ક્યુલેશન સ્કીમ અથવા પ્રાઈઝ મની/અવૉર્ડ્સ વગેરેના હેતુ માટે રેમિટન્સીસમાં સહભાગીતા હેતુ રેમિટન્સીસ માટે પણ લાગુ થવાપાત્ર છે.

બેંકોને જારી કરેલા પરિપત્રમાં રિઝર્વ બેંકે જણાવ્યું છે કે લેભાગુઓ તરફથી તાજેતરમાં સસ્તાભંડોળની બનાવટી ઑફરોનો રાફડો ફાટ્યો છે. આ લેટર્સ, ઈ-મેલ્સ, મોબાઈલ ફોન, એસએમએસ વગેરે મારફતે આવે છે. લેભાગુઓની કામ કરવાની વિગતો આપતાં રિઝર્વ બેંક જણાવે છે કે લોકોને લક્ષ્ય બનાવવા માટે ઉચ્ચ ઍક્ઝિક્યુટિવો/વરિષ્ઠ અધિકારીઓના હસ્તાક્ષર જેવા દેખાતા હસ્તાક્ષર કરીને રિઝર્વબેંકનાં બનાવટી લેટરહેડ્સ પર સંદેશા-વ્યવહાર મોકલે છે. ઘણાં રહીશો આવી લલચામણી ઑફરોનો ભોગ બન્યા છે અને આ પ્રક્રિયામાં મોટી રકમ ગુમાવી છે. વધુમાં, રિઝર્વ બેંકના ધ્યાનમાં એ વાત પણ આવી છે કે લેભાગુઓ ભોળી જનતા પાસે વિવિધ પ્રકાર જેવાં કે પ્રોસેસિંગ ફીઝ/ટ્રાન્ઝેક્શન ફીઝ/ટેક્સ ક્લિયરન્સ ચાર્જીસ/કન્વર્ઝન ચાર્જીસ, ક્લિયરીંગ ફીઝ વગેરે હેઠળ નાણાં ઉઘરાવે છે. લેવડદેવડ ખર્ચ વગેરે ભેગું કરવા માટે લેભાગુઓ વિવિધ બેંક શાખાઓમાં વ્યક્તિગત અથવા માલિકીની પેઢીના નામે બેંકોમાં અનેક ખાતાઓ ખોલાવે છે. લેભાગુઓ આ ખાતામાં લોકોને કોઈ ખાસ રકમ જમા કરવાનું કહે છે. ભોગ બનનારાઓને મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકીને તરત જ આ રકમોને ઉપાડી લેવામાં આવે છે.

અખબારો અને ઈલેક્ટ્રૉનિક માધ્યમો દ્વારા ભૂતકાળમાં આવી બનાવટી સ્કીમો/ઑફરો બાબતમાં રિઝર્વ બેંકે કેટલાક પ્રસંગો પર લોકોને જાગૃત કર્યા હતા. આ બાબતમાં ગ્રાહકો આરબીઆઈની પ્રેસ રિલિઝ અહીં જોઈ શકે છે www.hdfcbank.com રેમિટન્સ સેક્સન.

**કૃપયા નોંધ લેશો :**

ઉપર જણાવેલ વિગતો અંગ્રેજી પરથી અનુવાદ કરવામાં આવી છે અને એમ કરવામાં સર્વોત્તમ પ્રયાસ કરવામાં આવ્યો છે અને જો અનુવાદમાં કોઈ મુદ્દો ઉભો થાય તો અંગ્રેજી સંસ્કરણ પ્રવર્તમાન રહેશે.



એચ ડી એફ સી બેંક
અમે સમજીએ છીએ તમારી દુનિયા